INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

---

અખબારી યાદી તા. ૨૩-૦૫-૨૦૨૨

- **બેફામ વધતી મોંઘવારી, મળતીયા સંગ્રહખોરો, કાળા બજારીયાઓની અસહ્ય લૂંટને રોકવામાં ભાજપ સરકાર સદંતર નિષ્ફળ**
- **બેકાબુ બનેલી મોંઘવારી, સતત ઘટતી આવકથી સામાન્ય-મધ્યમ વર્ગ આર્થિક હાલાકીનો ભોગ બની રહ્યો છે.**

ગરીબ - સામાન્ય - મધ્યમવર્ગના પરિવારો સતત વધતી જતી મોંઘવારીથી ત્રસ્ત છે, ભાજપા સરકાર જાહેરાતોમાં વ્યસ્ત છે અને કાળાબજારીયા - સંગ્રાહખોરો મસ્ત છે "બહુત હુઈ મહંગાઈ કી માર", "અચ્છેદિન" ના રૂપાળા સૂત્રોથી સત્તા મેળવનાર ભાજપ સરકારે જનતા સાથે છેતરપીંડી - વિશ્વાસઘાત કર્યાનો આરોપ મુકતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મુખ્ય પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, ભાજપ સરકારનાં અણઘડ વહીવટ અને તેલ મિલરોની સાઠગાંઠથી જનતા પરેશાન થઈ છે. રોજિંદા જીવનમાં વપરાતી દવાઓમાં ૧૦ ટકા જેટલો ભાવ વધારો થયો છે. સીએનજીનાં ભાવમાં વર્ષ ૨૦૧૩માં ૩૫.૦૨ પ્રતિ કિલો હતો જે આજે ૮૩ પ્રતિ કિલો જેટલો જંગી થયો છે. કિરાણા ખર્ચમાં છ મહિનામાં 9.3 ટકા અને બે વર્ષમાં 44.97 ટકાનો જંગી વધારાથી મહિને ઘરના બે છેડા ભેગા કરવામાં ભારે મુશ્કેલીનો ગૃહિણીઓ સામનો કરી રહી છે. સીંગતેલના એક ડબ્બાનો ભાવ 3050 રૂપિયા, કપાસીયા તેલના ભાવ 2950 રૂપિયા, પામોલીન તેલના 2700 રૂપિયા અને સોયાબિન તેલના 2400 રૂપિયા થઈ ગયા છે. કપાસીયા અને સીંગતેલના ભાવ લગભગ સરખા થઈ ગયા છે. સાબું - ટુથપેસ્ટ, માઉથવોશ, શેમ્પુના ભાવમાં પણ ફરી વધારો કંપનીઓ કરી રહી છે, દશ ટકા ભાવ વધારાથી પરિવારોનું બજેટ ખોરવાયું છે. મોઘું શિક્ષણ, મોંઘી આરોગ્ય સેવા, વીમા કંપનીના વધતા જતા પ્રિમીયમ, ઘટતા જતા પગારથી સામાન્ય - મધ્યમવર્ગના પરિવારો આર્થિક તકલીફોનો સામનો કરી રહ્યાં છે. તેલ, મસાલા, સાબુ, સોડા, સહિતની જીવન નિર્વાહની ચીજ વસ્તુઓના વધતા જતા ભાવ થી સામાન્ય - મધ્યમ વર્ગની કમર તૂટી રહી છે. મહિલાઓને મોંઘવારીની ભેટ આપતી ભાજપ સરકારમાં જીત પછી અહંકાર, નિરંકુશતા અને મોંઘવારીના દિવસોના લીધે દેશ અને રાજ્યની જનતા પારાવાર મુશ્કેલીનો સામનો કરી રહી છે.

કોરોના મહામારી અને આર્થિક હાલાકીમાં મોંઘવારીના બેફામ મારથી ગરીબ - સામાન્ય - મધ્યમવર્ગને જીવન જીવવું મુશ્કેલ બની ગયું છે. **અચ્છે દિન નથી જોઈતા રાજ્યની જનતાને બેફામ મોંઘવારી માંથી મુક્તિ જોઈએ છે** તેવી માંગ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મુખ્ય પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૪માં ગેસ સીલીન્ડરનો ભાવ રૂ. ૪૧૪ હતા જે વર્ષ ૨૦૨૨માં રૂ. ૧૦૦૦ને ઓળંગી ગયો છે. કેન્દ્રમાં કોંગ્રેસની સરકારે વર્ષ 2012-13માં દેશની જનતાને રાહત આપવા માટે ગેસ સીલીન્ડર (એલ.પી.જી.) માં સબસીડી રૂ. 39,558 કરોડ આપી હતી. વર્ષ 2013-14માં કોંગ્રેસ સરકારે રૂ. 46,458 કરોડની સબસીડી આપીને જનતાને રાહત આપી હતી જે મોદી સરકારે 2015-16માં 18 કરોડ અને વર્ષ 2016-17માં સબસીડી શૂન્ય કરી દીધી. રાંધણ ગેસ સીલીન્ડરના અઢીગણા ભાવ વસુલીને ભાજપા સરકાર સતત સિસ્ટમ લૂટ ચલાવી રહી છે.

જીવન જરૂરીયાતની રોજબરોજની વસ્તુઓ અને દૂધ, દહી, છાસ, શાકભાજીના આસમાનને આંબતા ભાવ થી સામાન્ય - મધ્યમ વર્ગની કમર તૂટી ગઈ છે ત્યારે કોઈપણ ટીકા, વિક્ષેપ કે આક્ષેપ વગર કોંગ્રેસ પક્ષ પુછવા માંગે છે કે, વર્ષ ૨૦૧૪માં પેટ્રોલ પર રૂ. ૯.૪૮ પ્રતિ લીટર અને ડીઝલ પર રૂ. ૩.૫૬ પ્રતિ લીટર વસુલવામાં આવતી હતી. વર્ષ ૨૦૨૨માં મે ૨૧ સુધી પેટ્રોલ પર રૂ. ૨૭.૯૦ પ્રતિ લીટર અને ડીઝલ પર રૂ. ૨૧.૮૦ પ્રતિ લીટર જંગી એક્સાઈઝ ડ્યુટી વસુલવામાં આવી. છેલ્લા આઠ વર્ષમાં પેટ્રોલ - ડીઝલ પરની એક્સાઈઝ ડ્યુટીમાં અસહ્ય વધારો કરી પ્રજાના ખિસ્સામાંથી લુંટેલા ૨૭ લાખ કરોડનો હિસાબ ભાજપ સરકાર ક્યારે આપશે ?

| ખાદ્ય વસ્તુનું નામ | વર્ષ ૨૦૧૪ | વર્ષ ૨૦૨૨ | ભાવ વધારો % |
|---|---|---|---|
| ચોખા | 26.17 | 35.85 | 37 |
| ઘઉં | 20.5 | 28.01 | 37 |
| લોટ | 22.41 | 32.02 | 43 |
| દાળ | 48.35 | 72.74 | 50 |
| તુવેર દાળ | 69 | 101.99 | 48 |
| અળદ દાળ | 65.06 | 103.55 | 59 |
| મગની દાળ | 86.61 | 101.73 | 17 |
| મસુરની દાળ | 62.72 | 95.44 | 52 |
| ખાંડ | 36.83 | 40.56 | 10 |
| દુધ | 35.53 | 50.7 | 43 |
| મગફળીનું તેલ | 122.08 | 183.81 | 51 |
| મસ્ટર્ડ તેલ | 95.39 | 183.19 | 92 |
| વનસ્પતિ તેલ | 73.47 | 160.17 | 118 |
| સોયા તેલ | 84.75 | 166.57 | 97 |
| સનફ્લાવર તેલ | 96.67 | 188.22 | 95 |
| પામ તેલ | 74.58 | 155.89 | 109 |
| ગોળ | 37.44 | 46.42 | 24 |
| ચા | 205.28 | 289.62 | 41 |
| મીઠુ | 14.94 | 19.64 | 31 |

| **કોંગ્રેસ સરકાર - ૨૦૧૪ એક્સાઈઝ ટ્યુડી** | | | **ભાજપ સરકાર - ૨૧-૫-૨૦૨૨ એક્સાઈઝ ટ્યુડી** | | **૨૧માર્ચ ૨૦૨૨ ભાવ** | **૨૧મે ૨૦૨૨ ભાવ** | **૨૩મે ૨૦૨૨ ભાવ** |
|---|---|---|---|---|---|---|---|
| પેટ્રોલ | 9.48/લિટર | | પેટ્રોલ | 27.90/લિટર | 95.41 / લિટર | 105.41 / લિટર | 96.70 / લિટર |
| ડીઝલ | 3.56/લિટર | | ડીઝલ | 21.80/લિટર | 86.67 / લિટર | 96.67 / લિટર | 89.60 / લિટર |

(ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવકતા